સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

દંભનું કલંક છે દિલમાં, 'પ્રેમ' નો પાવન છે,
ગંડુ નગરીમાં બળિયા બોલે એ જ કાનૂન છે.
વેરાન થાય ચમન ને સ્મશાન થાય અમન -
જોતા નથી 'પ્રેમ' દિકરીનો મોભાનું જનૂન થાય છે.

હાઈકુ

બલવાનો કો -
હે ! પ્રભુ ! દે દે જ્ઞાન !
સૌ છે સમાન...

'અસ્પૃશ્યતા'ની
વળગી વળ ગાળ -
દંભી સમાજ !!

ચિંતન

કનકભૂષણં સંગ્રહોચિતઃ યદિ મણિસ્ત્રપુણિ પ્રતિબન્ધ્યતે ।
ન સ વિરોતિ ન ચાપિ ન શોભતે ભવતિ યોજયિતુર્વચનીયતા ॥

ઉપરોક્ત શ્લોક 'ડીવાઈન સંસ્કૃત સુભાષિત'માંથી લેવામાં આવેલ છે.

સોનાના આભૂષણોનો સંગ્રહ ઉચિત છે. પરંતુ મણિ જયારે કથીરમાં બેસાડવામાં આવે ત્યારે તે શું યોગ્ય છે? મણિ રડતો નથી અને શોભાયમાન થતો નથી પરંતુ બનાવનારને નિંદાપાત્ર બનાવે છે.

ગુણીજનનું ઉચિત સન્માન થવું જ જોઈએ, આજકાલ એવોર્ડ - સન્માનમાં પણ 'ગોઠવણ' - આયોજક અને 'વગ' પેસી ગયાં છે. આ ના પરિણામે લેખક લાયક વ્યક્તિ ને માન-સન્માન મળતાં નથી અને તેમની કલા-આવડત ઢંકાઈ રહરે છે. આમાં સાહિત્યકાર કે કલાકારને કોઈ દુઃખ થતું નથી પણ આયોજકો જ ટીકા અને નિંદાના ભોગ બને છે.

સુવિચાર

- 'જિંદગી' દોસ્તોં સે નાપી જાતી હૈ.... 'તરક્કી' દુશ્મનો સે... - **ગુલઝાર**
- ઘમંડ કયારેય ન કરવો પોતાના ભાગ્ય ઉપર,
  એક કાંકરી પણ મોઢામાં ગયેલ કોળિયો બહાર કઢાવી શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઊકાળ્યા વગર અત્યારના પાણીને વરાળ થવું છે,
  કામ કરે કંસના અને કૃષ્ણ થઈ જવું છે - **મુંબઈ સમાચાર**
- વર્તમાન સમયની બે મોટી ભ્રમણાઓ... 'મારે કોઈની જરૂર નથી!!' અહમ !!
  બધાને મારી જરૂર છે !! - **ભીખુદાન ગઢવી**
- ઉદાર આપીને અમર બને છે, લોભી જોડી જોડીને ગરીબ બને છે - **જર્મન કહેવત**
- મુઠ્ઠીમાં જે ખુશીઓ બંધ છે એ બધામાં વહેંચી દો સાહેબ, તમારી હોય કે મારી હથેળી તો એક દિવસ ખાલી જ રહી જવાની છે - **ધર્મલોક**
- આજનું ઔષધ : ચોખાના ઓસામણમાં ચપટી સુરોખાર અને એક ચમચી સાકર મેળવી અડધો કલાક સવાર-સાંજ પીવાથી પેશાબ છૂટથી થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

મહારાણા પ્રતાપ મોગલ સલ્તનત સામે ઝઝુમી રહ્યા હતા. તે સમયની વાત છે. એક વાર તેઓને શારીરિક નબળાઈનો અનુભવ થયો. મેવાડના જંગલમાં બાળકો માટે બનાવેલ ભોજન કોઈ ચોરી ગયું. ત્યારે તેઓ માનસિક રીતે પણ ટુટી ગયા. તે સમયે તેમણે પોતાને માટે ઘણી દયનીય સ્થિતિ અનુભવી. એમણે અકબર સાથે સંધિ કરવા માટે સંધિ પત્ર લખ્યો. આ બાબતની જાણ એમના શુભચિંતક એવા ચારણ ને થઈ. ચારણે મહારાણાને સંબોધિને એક પ્રેરણાદાયક દોહો લખ્યો. દોહામાં લખેલું હતું કે ધરતી પર હિંદુ કુળ રક્ષક એક આપ જ છો, જે મોગલો સામે લડી રહ્યા છો. કોઈ પણ સ્થિતિમાં આપ હાર માનો તેવા નથી, જે મસ્તક આપે ખુમારીથી સદા ઊંચું રાખ્યું તે મસ્તક હવે અકબર સામે ઝૂકવા જઈ રહ્યુ છે, તો અમે સ્વાભિમાની મેવાડી કોના શરણમાં જઈશું ? જેમ સૂર્યને પૂર્વની જગ્યાએ પશ્ચિમમાં ઊગતા જોવાથી થાય છે. એવું આશ્ચર્ય અમને આપના નિર્ણયથી થાય છે. એવી વાયકા છે કે, આ દોહાને વાંચીને મહારાણાનું સ્વાભિમાન પુનઃ જાગૃત થઈ ગયું. સંધિપત્ર ફાડીને ફેંકી દીધો. અને ફરીથી પોતાની શક્તિ એકત્રીત કરી મોગલો સામે છેલ્લા શ્વાસ સુધી લડવા તૈયાર થઈ ગયા. તેમણે ચારણને ધન્યવાદ આપતા લખીને મોકલાવ્યું કે સૂરજ જે દિશામાં ઉગે છે તે જ દિશામાં ઉગશે. તમે જરાય ચિંતા ન કરશો. કોઈનું સ્વાભિમાન જગાવવું એ પણ કયારેક વ્યવહારિક જગતમાં મોટું કામ હોય છે.

કાળઝાળ કળિકાળમાં ભરોસો અદાલતનો જ....

તંત્રીસ્થાનેથી...

કોડીનારના માથાભારે ખનન માફિયા અને ભાજપના પૂર્વ સાંસદ દીનુ બોઘા સોલંકી અને એમના સાગરીતોએ ગીરના પર્યાવરણના સંરક્ષણ માટે ઝઝૂમતા કર્મશીલ અમિત જેઠવાની ધોળે દહાડે અમદાવાદની હાઈકોર્ટ સામે જ હત્યા કરાવી હતી તે પ્રકરણ લોકસ્મૃતિમાં ભલે ઝંખવાઈ ગયું હોય પરંતુ મૃતક એક્ટિવિસ્ટ પુત્રના પિતાએ પુત્રના હત્યારાઓને કોઈકાળે નહીં છોડવાની પ્રતિજ્ઞા કરી હતી. એમને આખરે એમના એ ઝંઝાવાતી જંગમાં સફળતા સાંપડી છે અને ગુજરાત પોલીસની ઢાંકપિછોડા વાળી નીતિ ખુલ્લી પડી ગઈ છે. ગુજરાત પોલીસ દીનુ સોલંકીના શાસક પાર્ટી સાથેના સંબંધોને કારણે એને સતત બચાવતી રહી પણ આખરે અદાલત દ્વારા સીબીઆઈ તપાસમાં જરૂરી સત્ય ઉજાગર થઈને રહ્યું. એક તબક્કે કાઈમ બ્રાંચ દ્વારા કલીન ચીટ મેળવી ચૂકેલ પૂર્વ સાંસદ સાબરમતી જેલમાંથી બહાર નીકળતાં હીરોના વિજયકેફમાં હતા. હેલિકોપ્ટર મારફત અમદાવાદથી સીધા સોમનાથ પહોંચ્યા હતા. પરંતુ ભોળા ભંડારી તો એમનાં કરતૂતોને જાણતા હતા, એટલે આખરે અનેક સાક્ષીઓ હોસ્ટાઈલ થઈ ગયા પછી પણ અદાલતને અમિત જેઠવાની હત્યામાં સામેલ તમામ આરોપીઓ ગુનેગાર લાગ્યા છે અને દરેકને જન્મટીપ ફરમાવાઈ છે. ભારે રકમનો દંડ પણ કરાયો છે. જો કે આ હજી નીચલી કોર્ટનો ચુકાદો છે. હત્યાના આરોપસર જન્મટીપ પામેલા ખૂંખાર ગુનેગારો માટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દરવાજા ખુલ્લા છે. સમજી શકાય એમ છે કે કાનૂની જંગ ઘણો લાંબો ચાલશે અને એમ પણ બને કે ફરી એક વાર બાજી આરોપીઓની તરફેણમાં આવી જાય. પરંતુ અમિત જેઠવા જેવા પ્રખર એક્ટિવિસ્ટનો આત્મા આ હત્યારાઓને કયારેય જંપવા નહીં દે. મૃતકના પિતાને તો પુત્રના હત્યારા પૂર્વ સાંસદને ફાંસીની સજા કરાવવાના અમરાન છે. જેથી એક દાખલો બેસે. એ માટે તેઓ પોતે હાઈકોર્ટમાં અપીલ કરવાના છે. આપણી ન્યાય પ્રણાલી એવી ગૂંચવણ ભરેલી છે કે હત્યારાને હત્યા કરવા બદલ યોગ્ય સજા મળે ત્યાં સુધીમાં તો એની જિંદગી પૂરી થઈ જતી હોય છે. આ ન્યાયપ્રણાલીને વધુ કાર્યક્ષમ બનાવી શકાય એટલો વહેલો ન્યાય મળે એવી ગોઠવણ કરવામાં સરકાર અને ન્યાયપાલિકા આજપર્યંત ફીફાં જ ખાંડતાં રહ્યાં છે. તેમ છતાં, 'ભગવાન કે ઘર દેહ હૈ, અંધેર નહીં હૈ' વાળું ફિલ્મી વિધાન કયારેક ખરું પડતું લાગે છે ત્યારે જરૂર થોડી આસાએશ અનુભવાય છે. કેવી કમનસીબી છે કે પોલીસ ગુનેગારને ગુનામુક્ત કરવાના કાવતરામાં સામેલ થતી રહે છે છતાં એની સામે કોઈ જ પગલાં ભરાતાં નથી ! આ કેસમાં જો મૃતકના પિતાએ સતત પોતાની જીત પર અડી રહેવાનું સાહસ ન બતાવ્યું હોત તો ગુનેગારને તો કાઈમ બ્રાંચની તપાસમાં કયારનીય કલીનચીટ મળી ચૂકી હતી. કદાચ એને ફરી વાર સંસદની ચૂંટણી લડવા માટે ટિકિટ પણ મળી ગઈ હોત અને મની અને મસલ પાવરના જોરે એ મહાશય સાબરમતી જેલને બદલે સંસદ ભવનની સીટ શોભાવતા હોત!

દુનિયા મેં આદમી કી નહીં ઉસ કે કપડો કી, ઉસ કે ધન કી કદર હોતી હૈ

દુનિયા મેં આદમી કી નહીં ઉસ કે કપડો કી, ઉસ કે ધન કી કદર હોતી હૈ
- હીરો નંબર વન

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

jayuoza@gmail.com
Mo.9898046488

૧૯૯૭માં ડેવિન ધવન અને ગોવિંદાની જોડીનો જાદુ આ ફિલ્મમાં ચાલી ગયો હતો. આ ફિલ્મ ૧૯૭૨માં ઋષિકેશ મુખર્જી દિગ્દર્શિત 'બાવર્ચી' ની આ સત્તાવાર રીમેક ફિલ્મ હતી. પરંતુ આપણામાંથી બહુ ઓછા એ વાત જાણતા હશે કે 'બાવર્ચી' પણ ૧૯૬૬ આવેલી બંગાળી ફિલ્મ 'ગલ્પા હોલે સત્યી' (GALPA HOLEO SATYI) પરથી પ્રેરિત હતી. આ ફિલ્મ તપન સિંહાના દિગ્દર્શનમાં બની હતી.

'હીરો નં.૧' ફિલ્મમાં આ સંવાદ કાદરખાનના મુખે બોલવવામાં આવ્યો છે. નોકર બનીને કામ કરવાનું નાટક કરતા ગોવિંદાને મળવા માટે તેના પિતા કાદરખાન ચોકીદાર બનીને જાય છે, અને પછી બંને બાપ-દીકરો તે જ ચોકીદાર અને નોકરના કપડામાં એક પાંચ સિતારા હૉટલમાં જમવા જાય છે, જયાં હોટલનો રક્ષક તેમને રોકે છે, અને ત્યારે કાદરખાન ગોવિંદાને કહે છે કે - 'બેટા આ બધા તો આપણાં શિક્ષક છે, કે જેઓ આપણને જણાવે છે કે દુનિયામાં વસ્ત્રનું મહત્ત્વ કેટલું છે.'

'સુભાષિત રત્નભાંડાગાર'માં ઉપરના સંવાદ જેવું જ અર્થસામ્ય ધરાવતું એક હાસ્ય - મૌક્તિક મળી આવે છે.

किं वाससा तत्र विचारणीयं
वासः प्रधानं खलु योग्यतायाः ।
पीतांबरं वीक्ष्य ददौ स्वकन्यां
दिगम्बरं वीक्ष्य विषं समुद्रः ॥

- વસ્ત્રથી શું વિચાર કરવો જોઈએ ? ઉચ્ચ કે નિમ્ન યોગ્યતાની પરખ માટે વસ્ત્રનું મહત્ત્વ છે. સમુદ્રએ વિષ્ણુને પિતાંબરધારી જોઈને પોતાની કન્યા (લક્ષ્મી) આપી દીધી અને શિવને દિગમ્બર જોઈને વિષ આપ્યું.

કોઈ પણ સમય હોય સમાજની દૃષ્ટિમાં કોઈ પરિવર્તન નથી આવ્યું તેનું આ દૃષ્ટાંત છે, વ્યક્તિને તેના બાહ્ય રુપરંગ વસ્ત્ર પરથી પરખવાની રીત તો વર્ષો પુરાણી છે. સંસ્કૃત સાહિત્યમાં તો 'ગાગરમાં સાગર' સમાય તેટલી ગહન વાતો કરવામાં આવી છે. આ સાહિત્યનો અભ્યાસ આપણને વધુ વ્યવહારકુશળ અને જ્ઞાનસમૃદ્ધ બનાવે છે.

'સહ્યાદ્રિના ઉત્તુંગ શિખરથી' નું વિમોચન

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ભારતીય વિદ્યાભવન, મુંબઈ દ્વારા કવયિત્રી રક્ષા શુક્લના કાવ્યસંગ્રહ 'આલ્લે લે'નું વિમોચન કવિ 'મેઘબિન્દુ'ના હસ્તે કરવામાં આવ્યું.

● નવસારીના વાર્તાકાર ધર્મેશ ગાંધીને 'મમતા' વાર્તાસ્પર્ધામાં તેમની વાર્તા 'દોખ્મેનશીની' માટેનું પારિતોષિક આપવામાં આવ્યું.

● સાહિત્યકાર જિનેશ શાહના પ્રવાસ પુસ્તક 'સહ્યાદ્રિના ઉત્તુંગ શિખરથી' નું વિમોચન કરવામાં આવ્યું.

● ગુજરાત રાજયના માહિતી ખાતાના વરિષ્ઠ અધિકારી પુલક ત્રિવેદીનો ગ્રંથ 'ટૂંકુંને ટચ' નું વિમોચન અમદાવાદ ખાતે યોજાઈ ગયું.

● પ્રેમાનંદ સાહિત્યસભા, વડોદરાના ઉપક્રમે ડૉ. સુરેશ મકવાણાના ગ્રંથ 'ગુજરાતી ગઝલમાં સૂફી રંગ' નો લોકાર્પણ સમારોહ, જગદીશભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

● નર્મદ સાહિત્યસભા,સુરત દ્વારા જાણીતાં સાહિત્યકાર વર્ષા અડાલજાને 'શ્રી ભગવતીકુમાર શર્મા લાઈફટાઈમ ઍચીવમેન્ટ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા.

● કવિ પ્રવીણ દરજીને તેમના કાવ્યસંગ્રહ 'પૂર્વાભાસ' માટે 'ડૉ. જયંત પાઠક કવિતા પુરસ્કાર' આપીને સન્માનવામાં આવ્યા.

● હિન્દી સાહિત્યનો પ્રખ્યાત 'અંબિકાપ્રસાદ દિવ્ય સ્મૃતિ પ્રતિષ્ઠા પુરસ્કાર' સાહિત્યકાર પંકજ ત્રિવેદીને એમના નિબંધ સંગ્રહ 'મન કિતના વિતરાગી' માટે જાહેર કરવામાં આવ્યો છે.

muljibhaidhadhi@gmail.com
Mo. 9824366893

ઈસરોની ઉજળી અર્ધી સદી અને ડૉ. વિક્રમ સારાભાઈની પાવન સ્મૃતિ

જ્ઞાનના ચણીબોર
વી. એસ. ગઢવી

ગુજરાતે જેમ શ્રેષ્ઠિઓની એક વણઝાર જગતને ચરણે ધરી છે તેવીજ રીતે ગુજરાતે સમર્થ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈની ભેટ આપણાં દેશને ચરણે ધરી છે. ઈસરોની બેંગલુરુની મુખ્ય ઓફીસમાં પ્રવેશ કરો કે તરતજ ડૉ. વિક્રમ સારાભાઈની પ્રતિમા જોઈને મનમાં ગૌરવની લાગણી થાય છે. અમદાવાદના રીવર ફ્રંટ પર પણ તેમની પ્રતિમા સમગ્ર રીવર ફ્રંટની શોભામાં પૂર્તિ કરે છે. માનવીય અભિગમ ધરાવતા આ વૈજ્ઞાનિકનો ફાળો ભારતના અવકાશી વિજ્ઞાનના વિકાસમાં અતિ મહત્વનો છે. દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને અવકાશી વિજ્ઞાનના જ્ઞાતા ડૉ. અબ્દુલ કલામે અમદાવાદની તેમની દરેક મુલાકાત સમયે ડૉ. સારાભાઈની અપ્રતિમ સિધ્ધિને હમેશા આદર સહ યાદ કરી છે. ૧૨મી ઓગષ્ટ ૧૯૧૯ના રોજ આ મહામાનવનો જન્મ થયો. વિક્રમભાઈને બાળપણથીજ પિતાના ખુલ્લા વિચારોનો વારસો મળ્યો. તેથી તેઓ પણ જીવનમાં વ્યાપક તેમજ સર્વસમાવેશક દ્રષ્ટિવાળા બન્યા. વિક્રમભાઈના પિતા અંબાલાલ સારાભાઈના ઉત્તમ સંસ્કારો તેમજ નિર્બંધ વિચારોનું બીજ તેમના સંતાનોમાં રોપાયું તેમજ સતત પાંગરતું રહ્યું. જે યુગમાં સદીના મહામાનવ ગાંધીને પોતાનો કોચરબ આશ્રમ ચલાવવા માટે નાણાંની ખાસ જરૂરિયાત હતી ત્યારે સહજ રીતે તેમજ નામ આપ્યા સિવાય સહાય કરનાર અંબાલાલ સારાભાઈ વિશાળ દ્રષ્ટિવાળા હતા. ગાંધીનું મૂલ્ય તેઓ પૂર્ણતઃ સમજી શક્યા હતા. ગાંધીજી સાથેના કૌટુંબિક સબંધના કારણે સારાભાઈ પરિવારના મહેમાનોમાં ગુરુદેવ ટાગોર, ગોપાળકૃષ્ણ ગોખલે ગોખલેતેમજ એની બિસેન્ટ જેવા સુવિખ્યાત લોકોનો સમાવેશ થતો હતો.

ઈસરોની ઉજ્વળ યાત્રાના પચાસ વર્ષ (૧૯૬૯-૨૦૧૯) થયા છે. ડૉ. વિક્રમ સારાભાઈના ઉલ્લેખ સિવાય ઈસરોની સ્થાપના તથા વિકાસની વાત પૂરી થઇ શકતીનથી. આવનારી પેઢીઓ તેમજ વિકાસની ભવિષ્યની અનિવાર્ય જરૂરિયાતોને લક્ષમાં રાખીને ઈસરો જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી સંસ્થાનું સર્જન કરવામાં આવ્યું. દેશને આઝાદી મળી ત્યારબાદ ડૉ. હોમી ભાભા તેમજ ડૉ. વિક્રમ સારાભાઈએ દ્રષ્ટિસંપન્ન કાર્ય કરીને દેશના સ્પેસ સાયન્સ તથા ન્યૂકિલીયર સાયન્સના ભાવિ આયોજન માટેના પગલાં ભર્યા. ઈસરોની સ્થાપના પછી ભારત સરકારે પૂરતી સમજ સાથે ઈસરોના ચેરમેન તરીકે ડૉ. વિક્રમ સારાભાઈની નિયુક્તિ કરી. દેશમાં અવકાશી ક્ષેત્રે કે અણુ વિજ્ઞાન ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તેનો યશ ડૉ. હોમી ભાભા તેમજ ડૉ. સારાભાઈને ફાળે જાય છે. ઘણી બધી વિચારણા તેમજ ચકાસણી બાદ થુમ્બાની ઉપગ્રહ લૉંચિંગ સ્ટેશન તરીકે પસંદગી કરવામાં આવી. થુમ્બામાં જે કામગીરી શરૂ કરવામાં આવી તે દરમિયાનજ અવકાશી ઉપગ્રહો ભ્રમણમાં મૂકવા માટે ડૉ. સારાભાઈએ શ્રીહરિકોટાની પસંદગી કરી. આમ અવકાશી વિજ્ઞાનના ક્ષેત્રે બન્ને સેન્ટરો સમયસર પસંદ કરીને સ્થાપના કરવામાં ડૉ. વિક્રમ સારાભાઈએ સિંહફાળો આપ્યો હતો. ફેબ્રુઆરી-૨૦૧૭ માં એકસાથે ૧૦૪ ઉપગ્રહો તરતા મૂકીને એક નવા રેકોર્ડની સ્થાપના ઈસરોએ કરી. ડૉ. વિક્રમ સારાભાઈએ જે વૃક્ષનુંબીજ રોપીને સંવર્ધન કર્યું હતુંતે વૃક્ષ આજે પૂર્ણતઃ મહોરી ઉઠ્યું છે. વિક્રમભાઈનું આ શ્રેષ્ઠ સ્મારક છે.

અમદાવાદની ગુજરાત કોલેજમાં અભ્યાસ પૂરો કરીને ડૉ. વિક્રમ સારાભાઈ કેંબ્રિજમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા. ડૉ. સારાભાઈના કેંબ્રિજ પ્રવેશ માટે ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે ભલામણ કરી હતી તે એક ઐતિહાસિક ઘટના છે. ડૉ. વિક્રમ એક વૈજ્ઞાનિકહોવા ઉપરાંત અનેક કળાઓમાં રસ ધરાવનારા હતા. તેમના કલા પ્રત્યેના આ લગાવને કારણેજ મૃણાલિનીબહેનના પરિચયમાં બેંગલોરમાં આવ્યા. બન્નેએ લગ્નગ્રંથિથી જોડાવાનું નક્કી કર્યું. અહીં મહત્વની વાત એ છે કે લગભગ સાત - આઠ દસકા પહેલા એક નૃત્યાંગના પુત્રવધુને આવકારીને તેનો ઉમંગભેર સ્વીકાર કરવાનું વિક્રમભાઈના પિતા-માતાનું વલણ તેમના વિચારોની વિશાળતાની શાક્ષી સમાન છે.

અમદાવાદના અનેક શ્રેષ્ઠિઓએ સફળ ઉદ્યોગ ગ્રહોની સ્થાપના કરી છે. દુનિયાએ ગુજરાતીઓની વ્યાપાર - વાણિજ્ય સબંધિત સૂઝને પ્રમાણી છે. એજ રીતે વિદ્યાલયો કે ઉત્તમ પ્રકારની સામાજિક કે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનામાં પણ ગુજરાત અગ્રેસર રહ્યું છે. વિક્રમ સારાભાઈ પણ એક ઉત્તમ ઈન્સ્ટીટયૂશન બિલ્ડર હતા. કાપડની મિલોના આધુનિકરણ માટે કસ્તુરભાઈ લાલભાઈ તેમજ ડૉ. વિક્રમ સારાભાઈએ અટીરાની સ્થાપના કરી. વિક્રમભાઈએ અટીરાના પ્રારંભ કાળમાં તેના નિયામક બનીને સંસ્થાના ઊંડા પાયા નાખ્યા. કાપડની મિલોમાં ગુણવત્તા નિયંત્રણ તેમજ મોડર્ન મેનેજમેન્ટ માટે અટીરાનું નિર્માણ કરવામાં આવ્યું. અટીરાનું નિર્માણ તેમજ તેની કામગીરીનું શ્રેય કસ્તુરભાઈના ડૉ. વિક્રમ સારાભાઈ તરફના સંપૂર્ણ વિશ્વાસમાં રહેલું છે. આજ રીતે ફિઝીકલ રિસર્ચ લેબોરેટરીની સ્થાપના તેમજ વિકાસમાં ડૉ. સારાભાઈએ પાયાની કામગીરી કરી. ''દર્પણ અકાદમી'' પણ અમદાવાદ શહેરની શોભા સમાન છે જેની પાછળ મૃણાલિનીબહેન તથા વિક્રમભાઈની દ્રષ્ટિ છે. જે જે સંસ્થાઓની સ્થાપના કરવામાં વિક્રમભાઈનું યોગદાન છે તે દરેક સંસ્થામાં સંચાલનમાં ઉત્તમ મૂલ્યો તેમજ વહીવટી કાર્યદક્ષતાનું જતન કરવામાં આવેલું છે. આજ રીતે ઈન્ડીયન ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ (આઈ.આઈ.એમ.) ની સ્થાપના અમદાવાદમાં કરવામાં આવી તેમાંપણ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા તેમજ ડૉ. વિક્રમ સારાભાઈના પ્રયાસોનું બળ રહેલું હતું. ડૉ. હોમી ભાભાના આકસ્મિક અવસાન પછી એટમીક એનર્જી કમિશનના અધ્યક્ષ તરીકે પણ ભારત સરકારે ડૉ. સારાભાઈની નિમણુંક કરી. વિક્રમભાઈના ભાતીગળ જીવનની રૂપેરી ઘટમાળમાં અનેક સિધ્ધિઓના મનભાવન પુષ્પો વિખરાયેલા છે. તત્કાલિન પ્રધાનમંત્રી ઈન્દીરા ગાંધીના વિક્રમભાઈ પ્રત્યેના પૂર્ણ વિશ્વાસને કારણે વિક્રમભાઈની કામગીરી વધારે સરળ તથા ઝડપી બની હતી.

વિક્રમભાઈને અનેક કાર્યો સંપન્ન કરવાનું સ્વપ્ન હતું. કામનુંપ્રમાણ પણ અમર્યાદિત હતું. '' થાકે ન થાકે છતાંયે ઓ માનવી ! ન લેજે વિસામો '' એ વાત તેમના જીવનમાં સાંગોપાંગ ઉતરી હતી. નાદુરસ્ત તબિયત છતાં ૧૯૭૧ ના ડીસેમ્બરમાં તેઓ એક મહત્વની મીટીંગ માટે દિલ્હી ગયા. ત્યારબાદ ફરી થુમ્બાની મુસાફરી કરવાની આવી. કાળે પોતાનું કામ કર્યું. ડૉ. વિક્રમ સારાભાઈ કર્મઠ જીવતર પૂર્ણ કરીને અનંતની યાત્રાએ ગયા. ઈસરોના આ મહાન નાયકની ઈસરોની અર્ધી શતાબ્દીની યાત્રાના પડાવ સમયે સ્મૃતિ થયા કરે છે.

'તાપી ડક્કા ઓવારે ટોપીવાળાનાં ટોળાં ઉતર્યા'

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચમાં સૂરતના છાપરાભાઠાથી સેનાપતિ ગાંધી, અને તેમના સૈનિકો અશ્વિનકુમારનો પુલ ઓળંગીને સૂરતની સાવ નજીક પહોંચી ગયા હતા. દસ હજારથી વધુ લોકો તેમના સ્વાગત માટે પહોંચી ગયા હતા. તાપી નદી ઉપરના પુલ ઉપર અંગ્રેજ સરકાર કર વસૂલતી હતી. પણ ભરચક જનમેદનીના કારણે પહેલીવહેલી વાર પુલ કર પણ લેવાયો નહીં. માનો કે 'ના કર' ની લડતમાં અનાયાશે જ પુલ પરનો કર પણ લેવાયો નહીં. સુરતના વરાછા વિસ્તારમાં પદયાત્રીઓ અને સાથીઓના ભોજનની વ્યવસ્થા કરી. આજની કૂચના અગિયાર માઈલ થઈ ગયા હોઈ સભાના સ્થળે જવા માટે સૂરતના આગેવાનોએ ગાંધીજીને મોટરમાં જવા માટે વિનંતી કરી હતી. જે ગાંધીજીએ સ્વીકારી લીધી હતી.

ગાંધીની જનમસભામાં એક લાખની જનમેદની ઉમટી પડી હતી

ગાંધીજી આ વિનંતી સ્વીકારી લે એ આગેવાનોને પણ ગળે ઉતરે એવી વાત જ હતી. આમ તો વિનંતી તેમની જ હતી. પરંતુ પદયાત્રા લઈને નીકળેલા ગાંધી માનશે ? - એવો પ્રશ્ન બધામાં હતો. પણ ગાંધીજીએ સમયપાલન અને આખાદિવસની પદયાત્રા પછી મોટરમાં જવાનું સ્વીકારી લીધું હતું. આ સ્વીકારમાં ગાંધીજીના હઠાગ્રહ સામેનો વિરોધીઓને પ્રત્યુત્તર પણ હતો. જયાં સિદ્ધાંત અને સત્યની વાત હોય તો ગાંધી પોતાની વાત હઠપૂર્વક પકડી રાખતા હતા પણ જયાં આવી સ્થિતિ ન હોય ગાંધી જીદ કયારેય બનતા બનીં એમ સમજવા મળે છે.

તાપી નદીના કાંઠે કક્કા ઓવારે જાહેર સભા મળી હતી. એક પણ પોલીસની મદદ વિના એક લાખ લોકો આ જનસભામાં ઉપસ્થિત હતા. સભાની શિસ્ત શાંતિ અને વ્યવસ્થા જોઈને ગાંધીજી પણ પ્રસન્ન થઈ ઉઠ્યા હતા. સભાના પ્રારંભે જ પ્રજ્ઞાચક્ષુ કવિ હંસરાજભાઈએ રજૂ કરેલા 'ટોપીવાળાના ટોળાં ઉતર્યા' એ ગીતથી ગાંધીજી વધુ પ્રસન્ન થયા હતા.

સ્વાતંત્ર્યની લડતમાં સૂરત જિલ્લાનું સરવૈયું રજૂ કરતા કલ્યાણજીભાઈએ કહ્યું કે ૧૯૨૧માં હિંદને સ્વરાજ અપાવવાની પ્રતિજ્ઞા કરી હતી તે ઋણ હજુ બાકી રહ્યું છે. ૧૯૩૦ના આ વર્ષમાં ફરીથી સ્વાતંત્ર્યની લડતના મંડાણ સૂરતથી થાય છે એ અમારું અહોભાગ્ય છે, અંગ્રેજોના શાસનની શરુઆત સૂરતનાં કોઠી સ્થાપીને કરી હતી.

એટલે પૂર્વજોના પાપ ધોવા સ્વાતંત્ર્ય સંગ્રામ માટે આ જિલ્લો પસંદ થયો એ યોગ્ય છે એવી લાગણી વ્યક્ત કરી હતી.

આ જાહેરસભામાં ૧૬૯ પટેલોએ રાજીનામા આપી દીધા હતા. અને એક હજારથી વધુ ભાઈ-બહેનોએ સ્વયંસેવક તરીકે પોતાના નામ નોંધાવ્યા હતા. આ જિલ્લાના ગામ દેહાણના વતની અને ગાંધીજીના રહસ્યમંત્રી મહાદેવ દેસાઈએ જિલ્લાના પ્રથમ સેવક તરીકે જાહેર કરવાની પણ ગાંધીજીની વિનંતી થઈ હતી.

ગાંધીજીએ તેમના સંબોધનમાં કહ્યું કે સૂરત શહેરે મારું અને સંઘનું આટલું બધું સ્વાગત કર્યું છે એને સારું હું તમારા બધાનો ઉપકાર માનુ છું. આવા સ્વાગતમાં અનેક લોકોના પ્રેમમાં હું ઈશ્વરનો હાથ જોઉં છું.

ગાંધીએ કહ્યું કે તમે બધા હિન્દુ, મુસ્લિમ, પારસી, ઈસાઈ જે વસ્તુને ચાહો છો એ વસ્તુ લેવાને અમે નીકળ્યા છીએ તેથી આ સ્વાગત કરો છો. આટલા વિશાળ જનસમૂહથી પણ આપણે નિર્ધારિત સ્થાને પહોંચવાના નથી. આપણે દુઃખ, કષ્ટ બરદાસ્ત કર્યે જ છૂટકો છે અને તેટલા મીઠાના કર સામે આંદોલનનો રસ્તો આપણને ઈશ્વરે સૂઝાડ્યો છે.

(તાપી કાંઠાના ડક્કા ઉપરની જનસભાની વધુ વિગતો આવતા અંકે...)